# ગરમાગરમ ગોટા



એક છોકરો એની દાદીની સાથે વાતો કરતો હતો. વાતોવાતોમાં તે પોતાને દરેક બાબતમાં કેવી - કેવી મુશ્કેલીઓ પડે છે એ જણાવતો હતો. શાળામાં, મિત્રો સાથે તથા અન્યત્ર એને ઘણું બધું માફક ન આવે તેવું - અણગમતું હતું.

આ દરમિયાન દાદીમા ગોટા બનાવવાની તૈયારી કરતાં હતાં. તેમણે પૌત્રને પૂછ્યું : "તને ગોટા બહુ ભાવે છેને ? ખાઈશ ?" પૌત્ર રાજીના રેડ થતા બોલ્યો : "હા, હા, ઘણા બધા ખાઈશ."

દાદીએ કહ્યું : "લે, આ થોડોક લોટ ખા."

પૌત્ર : "લોટ ? છી !"

દાદી : "તો થોડી લીલી મેથી ખાઈશ ?"

પૌત્ર : "મેથી તો કડવી લાગે, બા."

દાદી : "તો એમ કર, થોડુંક મીઠું ચાખ."

પૌત્ર : "મીઠું તો સાવ ખારું લાગે, બા."

દાદી : ‘‘તો એમ કર, થોડુંક તેલ ચાખ.’’

પૌત્ર : ‘‘બા, તમે કેમ આવું બધું ચાખવાનું કહો છો ! આમાંથી એકેય ના ભાવે.’’

દાદીમા બોલ્યાં : ‘‘બિલકુલ સાચી વાત છે. એ દરેકને અલગ - અલગ ચાખવાથી ભાવતાં નથી. પરંતુ તેમને યોગ્ય પ્રમાણમાં સાથે મેળવવાથી તથા યોગ્ય પદ્ધતિથી વસ્તુ બનાવતાં અત્યંત સ્વાદિષ્ટ બને છે. જેમકે, આજે તને મળશે ગરમાગરમ ગોટા.’’

આગળ સમજાવતાં દાદી બોલ્યા : ‘‘ભગવાન પણ આ જ પદ્ધતિથી કામ કરે છે. આપણને ક્યારેક નવાઈ લાગે છે કે એ શા માટે આપણને આવી મુશ્કેલીઓમાં નાખતો હશે ! જિંદગીમાં માત્ર ને માત્ર આનંદ જ આપે તો કંટાળી જવાય. ખાવામાં હંમેશાં મીઠાઈઓ જ મળે તો મીઠાઈ પ્રત્યે અરુચિ થઈ જાય. રસ-રુચિ જળવાય તે માટે સ્વાદનું વૈવિધ્ય જરૂરી છે, તે જ રીતે જીવનમાં પણ સફળતા - નિષ્ફળતા, સુખ - દુઃખ, આનંદ-શોક બધું જરૂરી છે.’’

**– ‘યોગ અને નીતિશાસ્ત્ર’માંથી સાભાર...**